બનાસકાઠામાં આગામી ૧૦ દિવસમાં જો દારૂ બંધી ના થઈ તો જાતે જ જનતા રેડ કરવાની ચીમકી

વડગામના હરદેવાસણા ગામે અલ્પેશ ઠાકોર દ્વારા વિજેતા થયેલા સરપંચોનો સન્માન સમારોહ યોજાયો : ગુજરાતના મુખ્યમંત્રી સભા નહી કરી શકે તેવી ગર્ભિત ચીમકી

આજે બનાસકાંઠા ના વડગામ માં આવેલા હરદેવાસણા ગામે ઓબીસી એકતા મંચ ના અધ્યક્ષ અલ્પેશ ઠાકોર દ્વારા સ્થાનિક કક્ષાએ વિજેતા થયેલા સરપંચો નો સન્માન સમારોહ યોજાયો હતો જેમાં ઠાકોર સમાજ ની સાથે મુસ્લીમ સમાજ ના લોકો પણ મોટી સંખ્યા મા હાજર રહ્યા હતા તેમજ મુસ્લીમ સમાજના આગેવાનો એ ફુલહાર થી અલ્પેશ ઠાકોર નુ સ્વાગત કરી અલ્પેશ ઠાકોર ની કાર્યપ્રણાલી ને બિરદાવી હતી આ પ્રસંગે બોલતા અલ્પેશ ઠાકોરે જણાવ્યું હતું કે ગતરોજ ની ગૃહમંત્રી પર ચંપલ ફેંકવાની બાબતે જણાવ્યું હતું કે ભાજપ આ મુદ્દે પોતાનો ઈતિહાસ તપાસે કે જ્યારે ઈન્દિરા ગાંધી ગુજરાત આવી ત્યારે તેમના પર ચંપલ ફેંકાતા હોય તે આપણું શું રક્ષણ કરવાના તેમજ જનતા ની સલામતી નુ શુ.તેમજ અલ્પેશ ઠાકોર આજે જણાવ્યું હતું કે સરકાર હાલ માં ચંપલ ફેંકવાની બાબતે જણાવ્યું હતું કે જે રાજ્ય માં ગૃહ મંત્રી પર ચપ્પલ ચંપલ ફેંકનાર કોણ હતું તે તપાસે તેમજ આગામી સમય માં બનાસકાઠા મા આગામી ૧૦ દિવસ માં જો દારૂ બંધી ના થઈ તો જાતે જ જનતા રેડ કરવાની ચીમકી ઉચ્ચારી હતી તેમજ આગામી સમય માં સ્થાનિક નેતા ઓ ને લોખડ ના જબ્બા પહેરી પ્રચાર કરવા ચેતવણી કરી હતી તેમજ આગામી સમય માં વડાપ્રધાન ને મળવા જવાનો છુ તેમજ રોજગારી માટે બટાકા ના ટેકા ના,ભાવ તેમજ દારૂ બંધી માટે માટે જો કેન્દ્ર સરકાર કંઈ નહી કરે તો ગુજરાત ના મુખ્યમંત્રી સભા નહી કરી શકે તેવી ગર્ભિત ચીમકી પણ આપી છે.

તલોદ તાલુકાના લવારી ગામ પંથકમાંથી દારૂના અડ્ડા સદંતર બંધ કરી દેવા અને દારૂબંધીના નવા કાયદાનો કડક અમલ કરવા ગામના યુવાનોએ તથા ગુજરાત ક્ષત્રીય ઠાકોર સેના તલોદના હોદ્દેદારોએ તલોદ પો.સ.ઈન્સ. એમ.કે. ખાંટને આજે આવેદનપત્ર આપ્યું હતું. જેમાં સેના પ્રમુખ દેવુસિંહ, મહામંત્રી કરણસિંહ તથા મંત્રી પ્રવિણસિંહ સહિતના જાગૃતજનો હાજર રહ્યા હતા.

મોડાસા સેશન્સ કોર્ટના આદેશથી માલપુર ગંજ બજારની મિલ્કતો જપ્ત કરાઈ

મોડાસા તા.૩ અરવલ્લી જિલ્લામાં મોડાસાની સેશન્સ કોર્ટના આદેશથી આજરોજ કોર્ટ કર્મચારીની રૂબરૂમાં માલપુએ ગંજ બજારની ખુરશી ટેબલો સહિતની મિલ્કતો જપ્ત કરીને કોર્ટમાં લઈ જવામાં આવી હતી. અરજદારને રૂ.૨.૭૫ કરોડના વળતરની ચુકવણી નહિ થતા આ મિલકતો જપ્ત કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે અરજદાર હીરાભાઈ ચમાર દ્વારા જમીન બાબતે ૧૯૯૧થી કોર્ટમાં કેસ ચાલતો હતો. જેમાં આજરોજ કોર્ટના જપ્તી વોરંટ અનુસાર માલપુર એપીએમસી (ગંજ બજાર)માં કોર્ટના એક કર્મચારીની હાજરીમાં જંગમ મિલ્કતો જપ્ત કરવામાં આવી હતી જેમાં ખુરશી ટેબલો સહિતની જંગમ મિલ્કતો જપ્ત કરીને ટ્રકમાં ભરી કોર્ટમાં લઈ જવામાં આવી હતી. અરજદારની હાજરીમાં આ કાર્યવાહી થઈ હતી.

મોડાસા સેશન્સ કોર્ટ દ્વારા અરજદારને રૂ. ૨.૭૫ કરોડની રકમ ચૂકવવા કરવામાં આવેલા આદેશના ભાગરૂપે નીકળેલ જપ્તી વોરન્ટ અનુસંધાને આજે શુક્રવારે આ મિલ્કતો જપ્ત કરાઈ હતી. તે સમયે એપીએમસીના હોદ્દેદારો અને સેક્રેટરી પણ ગેર હાજર રહ્યા હતા. કોર્ટની આગામી મુદત તા.૧૦.૩.૧૭ના રોજની છે.

આશાવર્કરો અને આશા ફેશીલીટરો દ્વારા પોતાની પડતર માંગણીઓ માટેની રેલી યોજાઈ

આશાવર્કરો અને આશા ફેશીલીટરો ધ્વારા પોતાની પડતર માંગણીઓને લઈને સમગ્ર રાજયમાં છેલ્લા કેટલાય સમયથી આંદોલનો કરવામાં આવી રહ્યા છે. ત્યારે બાયડ શહેરમાં આજે આશાવર્કર બહેનો અને ઠાકોર સેના ધ્વારા આશા વર્કર બહેનોને ટેકો આપી અને બાયડ બસ સ્ટેશન વિસ્તારથી લઈને બાયડ મામલતદાર કચેરી સુધી રેલી કાઢવામાં આવી હતી. રેલીમાં મોટી સંખ્યામાં આશા વર્કર બહેનો અને ઠાકોર સેનાના કાર્યકરો જોડાયા હતા. આ રેલીમાં આશા વર્કર બહેનો ધ્વારા પાણી વગરનો રુપાણી અને હાય રે મોદી હાય હાય જેવા સરકાર વિરોધી સુત્રો ઉચ્ચાર્યા હતા. સરકાર ધ્વારા કેટલાક કર્મચારીઓનો પગાર વધારો અને પડતર માંગણીઓનો નિકાલ લાવવામાં આવ્યો છે. ત્યારે છેલ્લા કેટલાય સમયથી આંદોલન કરતી આશા વર્કર બહેનો આંગણ વાડીની બહેનોની પડતર માંગણીઓને સ્વીકારાતી નથી.જ્યારે હાલ ચાલી રહેલા બજેટમાં આંગણવાડી બહેનોને જાણે કે લોલી પોપ આપી હોઈ તેમ ૧૫ ટકા વધારો કરવામાં આવ્યો છે.

બીજી બાજુ આશાવર્કર બહેનોને સરકાર ફક્તને ફક્ત એક હજાર રુપીયા જેટલુ મહેનતાણું આપી સરકાર આશાવર્કર બહેનોની મજાક કરતી હોઈ તેવુ દેખાઈ રહ્યું છે. ત્યા અરવલ્લીના બાયડમાં આજે ઠાકોર સેના અને આશા વર્કર બહેનો મળીને પોતાની માંગો સ્વીકારાય અને સરકારના બહેરા કાને બહેનોનો અવાજ પહોંચે તે માટે રેલી કાઢી મામલતદાર કચેરીએ આવેદનપત્ર આપવા પહોંચ્યા હતા ત્યો ધોમ ધખતા તાપમાં આશા બહેનો અને ઠાકોર સેનાના કાર્યકરો મામલતદાર કચેરીની બહાર ધરણા પર બેસ્યા હતા.ત્યારે થોડોક સમય વિત્યા પછી બહેનોએ મામલતદાર બહાર આવીને આવેદન પત્ર લે તેવી માંગ કરી હતી. છેવટે મામલતદાર બહાર ન આવતા આશાવર્કર બહેનો અને ઠાકોર સેનાના કાર્યકરો ધ્વારા મામલતદાર કચેરીને તાળા બંધી કરવામાં આવી હતી. તાળા બંધી કરતાની સાથે પોલીસ હરકતમાં આવી ગઈ હતી. અને ઠાકોર સેનાના કાર્યકર ધવલસિંહ ઝાલા તેમજ પ૦ જેટલી આશા વર્કર બહેનોની અટકાયત કરવામાં આવી હતી. અટકાયત કર્યા બાદ તમામને પોલીસ સ્ટેશન લઈજવામાં આવ્યા હતા.પોલીસ સ્ટેહન લઈ ગયા બાદ બાયડ પી. એસ. આઈની સમજાવટ બાદ ઠાકોર સેનાના કાર્યકરો અને આશા વર્કર બહેનોએ જઈ આવેદન પત્ર આપ્યુ હતુ.

પ્રાંતિજ તાલુકા નિવૃત કર્મચારી મંડળની જનરલ સભા

પ્રાંતિજ, તા. ૩ સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે તાલુકા નિવૃત કર્મચારી મંડળની વાર્ષિક જનરલ સભા પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે યોજાઈ હતી. જેમાં તાલુકા નિવૃત કર્મચારી મંડળના સભાસદ ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાંતિજ તાલુકા નિવૃત કર્મચારી મંડળની જનરલ સભા તા.૩-૩-૨૦૧૭ને ગુરૂવારના રોજ રેલ્વે સ્ટેશન ઉપર આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે યોજાઈ હતી. જેમાં પ્રાંતિજ તાલુકા નિવૃત કર્મચારી મંડળના પ્રમુખ મીઠાલાલ એમ.શાહ, ઉપપ્રમુખ ભોળાભાઈ પટેલ, મંત્રી ભકિતભાઈ પટેલ, સહમંત્રી ડાહ્યાભાઈ વણકર, ઓડીટર પ્રવિણચંદ્ર ભાવસાર, મધુભાઈ રાવલ, શંભુભાઈ રાવલ, અરવિંદભાઈ રાવલ સહિત આ જનરલ સભામાં નિવૃત કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં જયારે ઉપસ્થિત મહેમાનોનું ફૂલહાર શાલ ઓઢીને સ્વાગત કરવામાં આવ્યું હતું. જયારે મૃતક સભાસદોને શ્રધ્ધાંજલી આપીને યાદ કરવામાં આવ્યાં હતા. જયારે ૭૫ વર્ષથી ઉપરના સભાસદો સિનીયર સિટીઝનોને ફૂલહાર પહેરાવીને બહુમાન કરવામાં આવ્યું હતું.

શિહોરી પાસે હાઈવે પર ટ્રક સળગી જતાં અફરાતફરી

શિહોરી, તા. ૩ કાંકરેજ તાલુકાના મુખ્યમથક શિહોરી ખાતેથી પસાર થતો નેશનલ હાઈવે પર ગત રાત્રી ૮ વાગ્યાના સુમારે ભીલોડા તરફથી ધોલીકાચા લોખંડ ભરીને જીજે.૧૨. એડબલ્યુ. ૮૩૬૮ નંબરની ૧૮ ટાયરવાળી ટ્રક જીતુલાલ જાટ લઈને ગાંધીધામ કંડલાપોર્ટ લઈ જઈ રહ્યો હતો. તે દરમિયાન શિહોરી-દિયોદર નાળાની પાસે અચાનક ટ્રકના ટાયરમાં આગ લાગતા થોડા જ સમયમાં આગ પુરા ટ્રકમાં પ્રસરવા લાગી હતી. ચાલક ટ્રકને રોડની સાઈડમાં પાર્ક કરી હતી. આ બનાવની જાણ આજુબાજુના સ્થાનિક લોકોને થતા ઘટનાસ્થળ ઉપર ટોળેટોળા ઉમટી પડ્યા હતા. તેમજ શિહોરી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચ.કે. મકવાણા તેમજ સ્ટાફ સાથે દોડી આવ્યા હતા. તાલુકામાં ફાયરબ્રિગેડની સગવડ ન હોવાથી સ્થાનિક લોકો દ્વારા પાણીના ટેન્કરો વડે પાણી છાંટીને આગ પર કાબુ મેળવવામાં આવ્યો.

જેનાથી મોટી જાનહાનિ થતા અટકી હતી. આગ લાગવાના કારણે બીજા વાહનોને પણ પોતાની ગાડીઓ રોકી રાખવી પડી હતી. જેના કારણે એક બાજુ ટ્રાફીકજામ થઈ જવાની સ્થિતિ સર્જાઈ હતી. અવારનવાર આગ લાગવાની ઘટનાઓ બનતી હોય છે. પરંતુ તાલુકામાં એક પણ ફાયરબ્રિગેડ ન હોવાથી ડીસાથી ફાયરબ્રિગેડને બોલાવવું પડે છે. જેને ડીસાથી આવતા વિલંબ થવા પામે છે. તો કોઈ કદીવસ મોટી જાનહાનિ થવાની સંભાવના રહેલી છે.

રાણીપ-સુન્થામાતા બસ સેવા શરૂ કરવા માંગણી

ઊંઝા, તા. ૩ પાલનપુર એસ.ટી. ડેપો સંચાલિત રાણીપ-સુન્થામાતા આંતરરાજ્ય બસ સર્વિસને અમદાવાદના મુખ્ય સેન્ટ્રલ બસ મથકેથી ઉપાડવા મુસાફર જનતાની તીવ્ર માંગણી ઉઠી છે.

પાલનપુર એસ.ટી. ડેપો દ્વારા સાંજના સમયે માલપુરથી રાણીપ ગુર્જરનગરી સર્વ સર્વિસ ચાલે છે. આ બસ રાતના સાડાઆઠ વાગે રાણીપ પહોંચીને રાણીપથી રાત્રે ૧૦.૨૦ કલાકે ઉપડી રાજસ્થાનના સુપ્રસિદ્ધ શક્તિપીઠ સુન્થામાતા જતી હોય છે. આ બસ લગભગ પોણા બે કલાક સુધી રાણીપ બસ સ્ટેશનમાં પડી રહે છે. અને રાત્રિના રાણીપથી સુન્થામાતા જતી ગુર્જરનગરી બસ સર્વિસમાં પૂરતા મુસાફરો મળતા નથી. જેથી આવક ઓછી થાય છે. આથી સદર બસને પાલનપુરથી સીધા અમદાવાદ સેન્ટ્રલ બસ મથક સુધી દોડાવીને અહીંથી જ રાત્રે સુન્થામાતા જાય તેમ કરવા મુસાફરોની માંગ ઉઠી છે. આમ થાય તો બસમાં ટ્રાફિક મળી રહે અને તંત્રની આવકમાં પણ વધારો થાય તેમ છે. આ બાબતે નિગમના ઉચ્ચ અધિકારીઓએ સત્વરે ઘટતુ કરવુ જરૂરી છે.

અમદાવાદ એસ.ટી. વિભાગ સંચાલિત રાજસ્થાનથી આંતર રાજ્ય બસ સર્વિસો અમદાવાદ ગીતામંદિર બસ મથકેથી જ ઉપડે છે. જ્યારે ઉત્તર ગુજરાતના વિભાગોની આંતરરાજ્ય (રાજસ્થાન તરફ જતી બસોને) રાણીપ સુધી ટુંકાવીને રાણીપથી જ ઉપાડવામાં આવે છે જેથી આવી બસોમાં ટ્રાફિકનું પ્રમાણ ઘટી જવાની સાથે આવકમાં પણ કાપ મુકાયો છે.

શિહોરી-દિયોદર રોડ પર ખસા જીનીંગ પાસે મારૂતી કાર પલ્ટી, ચાલકનો આબાદ બચાવ

શિહોરી, તા. ૩ પ્રાપ્ત વિગતો અનુસાર શિહોરી-દિયોદર રોડ ઉપર વહેલી સવારે ૯ વાગ્યા આસપાસ દિયોદર તરફથી આવી રહેલ મારૂતીકાર નં. જીજે.૦૨. એસી. ૨૫૮૯નો ચાલક પટેલ દુષ્યંતભાઈ મુલચંદભાઈ રે. ઊંઝા પોતાના સબંધી ગગદાસભાઈ પટેલને પેટમાં પથરીનો દુઃખાવો ઉપડતાં પાટણ દવાખાને જઈ રહ્યા હતા ત્યારે ખસા પાટીયા પાસે આવેલ જીનીંગ પાસે અચાનક જ ગાડીનું સ્ટેરીંગ લોક થઈ જતા ગાડી ધડાકા સાથે પલ્ટી મારી ચોકડીઓમાં જઈ ખાબકી હતી. જો કે કર્મ સંજોગે ગાડીના ચાલક અને ગાડીમાં બેઠેલા અન્ય ત્રણ વ્યક્તિઓને સામાન્ય ઈજાઓ થવા પામી હતી અને આબાદ બચાવ થવા પામ્યો હતો. જો કે આ થયેલ અકસ્માતની જગ્યાએ ગોળાઈ હોવાથી ઘણીવાર આવા અકસ્માતો થવા પામ્યા છે. આમ આકોલી ખસા વચ્ચે મારૂતી સુઝુકી ગાડી પલ્ટી મારતા લોકોના ટોળા એકઠા થવા પામ્યા હતા. જોકે આવા અકસ્માતો ઘણીવાર થાય છે પરંતુ તંત્ર ગંભીરતાથી લેતુ નથી. જ્યારે કોઈ મોટી જાનહાનિ થાય તો જ ઘટનાની તપાસ કરવામાં આવે છે. જેથી આવા અકસ્માતો ઘટાડવા ચાલકો વિરૂદ્ધ કાયદેસરના પગલા ભરી તંત્ર લાલ આંખ કરે તે જરૂરી તેવી લોક મુખે ચર્ચા જાગી હતી.

માથાસુલિયા પ્રાથમિક શાળાના બાળકોએ સાયન્સ સીટીનો પ્રવાસ કર્યો

માથાસુલિયા પ્રા. શાળા તા. મોડાસાના બાળકોએ ગાંધીનગર તથા સાયન્સસીટીની મુલાકાત લીધી હતી. ઈન્દ્રોડા પાર્ક, વિધાનસભા, અક્ષરધામ, મહાત્મા મંદિર થઈ સાયન્સસીટીની મુલાકાત લેવડાવી હતી. સાયન્સ સીટીમાં રાઈડ, માર્ચ મિશન થ્રીડી ફિલ્મ, કોલસાની ખાણ, તારામંડળ, તેમજ ભૂકંપના આંચકા વિશેની માહિતિથી વાકેફ કરવામાં આવ્યા હતા.

પ્રાંતિજ શેઠ પી.એન્ડ આર. હાઈસ્કુલ ખાતે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૩ સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કુલ પ્રાથમિક વિભાગ સ્વનિર્ભર સ્કૂલ દ્વારા ઈનામ વિતરણ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતાં જેમાં વિદ્યાર્થીઓએ આવનાર મહેમાનો તથા વાલીઓ પ્રક્ષકોના દિલ જીતી લીધાં હતા.

પ્રાંતિજ ખાતે નગરપાલિકા સંચાલિત શેઠ પી.એન્ડ. આર. હાઈસ્કુલ પ્રાથમિક વિભાગ સ્વનિર્ભર સ્કુલ દ્વારા ઈનામ વિતરણ કાર્યક્રમ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓદ્વારા ગરબા, ડાન્સ, ગીત સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ ભાગ લઈને આવનાર મહેમાનો તથા વાલીઓ અને પ્રેક્ષકોના દિલ જીતી લીધાં હતા. ત્યારે કેટલાક ચિત્રસ્પર્ધા અને વિવિધ કાર્યક્રમોમાં ભાગ લઈને સ્થાન પ્રાપ્ત કર્યું હોય તેવાં વિદ્યાર્થીઓને આવનાર મહેમાનો વાલીઓ તથા શિક્ષીકાઓ પોતાના વિદ્યાર્થીઓનું સુંદર પરફોમન્સ જોઈ તેમના ચહેરાં ઉપર સ્મિતની સાથે ખુશીના આંસુ જોવાં મળ્યાં હતાં જયારે શાળામાં વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓએ ભણતરની સાથે રમત-ગમત ભાવનાબેન મોદી, રસીલાબેન રામી તથા નગરપાલિકા સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. જયારે સમગ્ર કાર્યક્રમનું વાલીઓ તથા દાતાઓના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં જયારે આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, ઉપપ્રમુખ પંકજભાઈ મોદી, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, બી.આર.સી. સફળ આયોજન શાળાના આચાર્ય જગદીશભાઈ પંચાલ તથા મુખ્ય શિક્ષક હિરેન શાહ તથા શાળા સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મહેન્દ્ર પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતુ.

મેઘરજના નાથાવાસના આધેડે ઝેરી દવા પીને જીવન ટુંકાવ્યુ

મેઘરજ, તા. ૩ મેઘરજનગરમાં ગુરૂવારે બપોરે બે વાગ્યાના સુમારે નાથાવાસ ગામના રહીશે અવાવરૂ દુકાનમાં પ્રવેશી ઝેરી દવા પીને આત્મહત્યા કરી લેતા લોકોને ઘટનાની જાણ થતા ટોળેટોળા ઉમટી પડ્યા હતા. મૃતકના પરિવારજનોએ આધેડે આત્મહત્યા કરી લેતા રોકકળ કરી મુકી હતી.

ગુરૂવારે બપોરે બે વાગ્યાની આસપાસ મેઘરજ બસ સ્ટેન્ડની સામે આવેલી દુકાનો પાછળની એક દુકાનમાં નાથાવાસ ગામના ૪૫ વર્ષીય ઈસમે અગમ્ય કારણોસર ઝેરી દવા પીધેલી હાલતમાં પડેલો જોવા મળતા મેઘરજ દુકાનની આજુબાજુ લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. જેથી કોઈ ગૃહસ્થે આ ઈસમને સારવાર માટે હોસ્પિટલ લઈ જવા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને ફોન કરતા ઈમરજન્સી એમ્બ્યુલન્સ પહોંચે તે પહેલા આધેડે ઘટનાસ્થળે દમ તોડી લીધો હતો. અજાણ્યો ઈસમ નાથાવાસનો હોવાની જાણ થતા આ ઘટના અંગે તેના પરિવારજનોને જાણ થતા તાબડતોડ મેઘરજ ખાતે દોડી આવી મૃતકને લઈ તેના વતન જવા રવાના થઈ ગયા હતા. મૃતક આધેડને દવા પીને આત્મહત્યા કરી લેતા નાથાવાસ સહિત આજુબાજુના પંથકમાં ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી.

કેરળમાં માર્કસવાદીઓ દ્વારા રાષ્ટ્રવાદી સંગઠનોના કાર્યકર્તાઓના પરિવારજનો પર અત્યાચાર કરવામાં આવતા તેનો વિરોધ કરવા અને આ પ્રકારની પ્રવૃત્તિ અટકાવવામાં આવે તેની જલદ માંગ સાથે આજે મોડાસા નાગરિક સમિતિએ આ કાર્યક્રમ આપ્યો હતો. કલ્યાણ ચોકથી નીકળેલી આ મૌન રેલી મોડાસા ચાર રસ્તા પાસે ટાઉન આવી પહોંચતા અહીં ધરણા યોજવામાં આવ્યાં હતાં. જેમાં પણ ખૂબ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને કેરળની ઘટનાને નાગરિક સમિતિના અગ્રણી ચંદ્રકાંતભાઈ પટેલે પ્રારંભે કેરળની ઘટનાના ચિતાર આપ્યો હતો. ધનસુરા રામજી મંદિરના સંત પપુ.પુરણ ચરણદાસજી મહારાજ તેમજ જિલ્લાના સમિતિના અન્ય અગ્રણીઓએ પણ સખ્ત શબ્દોમાં કેરળની અત્યાચારની ઘટનાઓને વખોડવામાં આવી હતી. રેલી પછી યોજાયેલ ધરણાના કાર્યક્રમમાં એવું નક્કી કરાયું હતું કે જિલ્લામાં જ્યાં પણ કેરાલાના પંક્ચર કરનારા પાસે એક પત્ર કેરલા સરકાર ઉપર લખાવવા નક્કી થયું હતુ.